કચેરી : ૦૨૬૧-૨૪૨૫૦૦૨
અધ્યક્ષશ્રી : (ઓ.) ૦૨૬૧-૨૪૨૮૨૬૮, ૬૫૮૯૬૭૮
શાસનાધિકારી : (ઓ.) ૦૨૬૧-૨૪૧૫૬૭૯
Email-msbsmc@gmail.com

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત–૩૯૫ ૦૦૧

નંબર : ૫૭૧૫ તા.: ૧૧-૧૦-૨૦૧૭

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ પ્રાથમિક શાળાઓ....

વિષય:– આધાર એનરોલમેન્ટની કામગીરી અંગે અગત્યની સુચનાઓનો અમલ કરવા બાબત....
સંદર્ભ:– પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના પત્ર નં.પ્રાશિનિ/આધાર/૨૦૧૭,તા.૯/૧૦/૧૭.

જત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરત સંચાલિત પ્રાથમિક શાળાનાં આચાર્યશ્રીઓને ઉપરોકત સંદર્ભ પત્રથી સરકારશ્રી તરફથી મળેલ સુચના મુજબ તમારી શાળામાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓનાં તમારી શાળામાંથી તા.૩૧/૮/૧૭ નાં ધોરણ પ્રમાણેની સાચી સંખ્યા સેટઅપ ડેટા સાથે ચકાસણી કરી નામની યાદીનું એક રજીસ્ટર બનાવવાનું રહેશે. દરેક શાળાનાં આચાર્યશ્રીને વેરીફાયર તરીકે નિમણૂંક આપવાની રહેશે. દરેક શાળાનાં આચાર્યશ્રીએ વેરીફાયર તરીકે નીચે મુજબનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

| અનુ.નંબર | તારીખ | વિદ્યાર્થીનું નામ | ઈઆઈડી નંબર | આધારનંબર |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |

ઉપરોકત રજીસ્ટર શાળા કક્ષાએ રાખવાનું રહેશે. આ રજીસ્ટરમાં નિયામકશ્રીની સુચના મુજબ ગમે ત્યારે તેમની ટીમ અત્રેની શાળાઓમાં ચકાસણી માટે આવનાર છે. અને રજીસ્ટરમાં દર્શાવેલ સંખ્યા સેટઅપ સાથે મેળવતાં ભુલ માલુમ પડશે તો તે અંગેની જવાબદારી શાળાનાં આચાર્યશ્રીની રહેશે.

**વધુમાં Google Form તમારા ઈ–મેઈલ આઈડી પર પત્રક–૧ અને પત્રક–૨ મોકલવામાં આવેલ છે. જેમાં તમારી શાળાની ધો.૧ થી ૮ નાં અપડેશન અને નવા એનરોલમેન્ટની માહિતી તા.૧૨/૧૦/૧૭ નાં રોજ સાંજે ૪/૦૦ કલાક સુધીમાં મોકલી આપવાની રહેશે.રૂબરૂમાં આ માહિતી મોકલવાની નથી. જેની ખાસ નોંધ લેશો.**

નીચે દર્શાવેલ ગુગલ લીંકનો ઉપયોગ કરી પત્રક ભરવાનું રહેશે.

ઈ.ચા.શાસનાધિકારી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત.

https://goo.gl/forms/PkGgLgBYWNEYI3QQ2